પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૮ | ૧૯ માર્ચ, ૨૦૧૯, મંગળવાર; ફાગણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચૂંટણીને પગલે સટ્ટાબજાર ગરમાગરમ

**ચૂંટણી પરિણામ માટે ફલોદી માર્કેટની બોલબાલા : ભાજપ એકલા ૨૫૦ કરતા વધારે બેઠકો પર જીતી જશે : એનડીએ ૩૦૦-૩૧૦ સીટો જીતી જાય તેવો દાવો કરાયો : બાલાકોટમાં હવાઈ હુમલા બાદ મતદારોનો મુડ બદલાયો :રાજસ્થાનમાં ૨૦ સીટો જીતશે**

જૈસલમેર,તા. ૧૮

લોકસભા ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ સટ્ટાબજારમાં પણ જોરદાર તેજી આવી ગઈ છે. રાજસ્થાનમાં જોધપુરનજીક ફલોદમાં સટ્ટા માર્કેટ ફરી સક્રિય છે. સટ્ટા માર્કેટમાં કહેવામાં આવ્યુ છે કે એનડીએ સરકાર કેન્દ્રમાં સરળતાથી નવી સરકાર બનાવી લેશે. સટ્ટા માર્કેટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપ એકલા હાથે ૨૫૦થી વધારે સીટ જીતી જશે. જ્યારે એનડીએ તો ૩૦૦-૩૧૦ સીટ જીતી જશે. રાજસ્થાન માટે સટ્ટા માર્કેટે આગાહી કરી છે કે ભારતીય જનતા પાર્ટી રાજસ્થાનમાં પણ લોકસભાની ચૂંટણીમાં કુલ ૨૫ સીટો પૈકી ૧૮-૨૦ સીટો તો જીતી જશે. સટ્ટા બજાર માને છે કે પાકિસ્તાનમાં બાલાકોટ ખાતે ભારતીય હવાઈ દળ દ્વારા કરવામાં આવેલા સર્જિકલ હુમલા બાદ ભાજપની તરફેણમાં સ્થિતી જોરદાર રીતે થઈ ગઈ છે. પુલવામાં અટેક અને ત્યારબાદ બાલાકોટમાં હવાઈ હુમલા બાદથી મોદી વધારે મજબુત નેતા તરીકે ઉભરી આવ્યા છે. ફલોદીમાં સટ્ટોડિયા અને બુકીઓ દ્વારા કહેવામાં આવ્યુ છે કે હવલાઈ હુમલા પહેલા એનડીએ માટે ૨૮૦ સીટો જેટલી સીટોની વાત કરવામાં આવી રહી હતી. જો કે હવે સ્થિતી બદલાઈ રહી છે. હવાઈ હુમલા પહેલા ભાજપને ૨૦૦ સીટ જેટલી આપવામાં આવી રહી હતી. જો કે હવે તેની સીટોની સંખ્યામાં જોરદાર વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી માટે સટ્ટા બજારમાં જે વાત થઈ રહી છે તે મુજબ અગાઉ ૧૦૦ સીટોની આગાહીની સામે હવે ૭૨-૭૪ સીટો મળવાની વાત કરવામાં આવી રહી છે. સટ્ટાબજારમાં સ્થિતી સતત બદલાતી રહે છે. આગામી દિવસોમાં કોંગ્રેસ અને અન્ય પક્ષોને વધારે તાકાત લગાવી દેવાની જરૂર

● અનુસંધાન પાન-૭ પર

# પ્રિયંકાની 'વોટ' માટે 'બોટ' યાત્રા

**ચોકીદાર માત્ર અમીરોના ,ભાજપ ભ્રામક પ્રચાર કરે છે : પ્રિયંકા ગાંધી : પ્રયાગરાજથી ચૂંટણી અભિયાનનું રણશિંગું ફૂંક્યુ : વારાણસી સુધી કરશે ૧૪૦ કિલોમીટરની બોટ યાત્રા : રસ્તામાં આવનારા ગામોની મુલાકાત કરશે**

પ્રયાગરાજ, તા.૧૮

કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડરાએ આજે ઉત્તર પ્રદેશમાં લોકસભાની ચૂંટણી માટે પ્રચાર અભિયાન શરૂ કરી દીધું છે. પ્રિયંકા ગાંધીએ પ્રયાગરાજથી ચૂંટણી અભિયાનનું રણશિંગું ફૂંકયું હતું. પ્રચાર અભિયાન શરૂ કરતાં પહેલાં પ્રયાગરાજમાં સંગમ તટ પર પ્રિયંકા ગાંધીએ ગંગા પૂજન કર્યું હતું અને સાથે જ તેમણે ગંગા આચમન પણ કર્યું હતું. સંપૂર્ણ વિધિ વિધાન સાથે પૂજન અર્ચન કર્યા બાદ પ્રિયંકાએ ગંગાજીની આરતી પણ ઉતારી હતી.

કોંગ્રેસના અગ્રણી નેતાઓની હાજરીમાં પ્રયાગરાજથી બોટયાત્રા શરૂ કરતાં પહેલાં પ્રિયંકાએ શરૂઆતમાં સૂતેલા હનુમાન મંદિરમાં પૂજા કરી હતી. મંદિરમાં દર્શન દરમિયાન પ્રિયંકાએ જણાવ્યું હતું કે મેં મારા માટે કંઈ જ માગ્યું નથી. હું મંદિરમાં રાજકારણની વાતો નહી કરૂ. દેશની પ્રગતિ અને શાંતિ થાય તે માટે મેં પ્રાર્થના કરી છે. ત્યાર બાદ પ્રિયંકા ગાંધી ગંગા પૂજન માટે સંગમ જવા રવાના થયાં હતાં.

પ્રિયંકા ગાંધી પ્રયાગરાજથી ગંગા નદીમાં બોટ યાત્રા કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મતક્ષેત્ર

● અનુસંધાન પાન-૭ પર



## ગોવાના મુખ્યમંત્રી પદે પ્રમોદ સાવંત અને નાયબ મુખ્યમંત્રી પદે ધવલીકર અને સરદેસાઈ

પણજી,તા.૧૮

ગોવાના નવા મુખ્યમંત્રી પદે પ્રમોદ સાવંતની વરણી કરાઈ છે. જ્યારે રાજ્યમાં બે નાયબ મુખ્યમંત્રી રહેશે. જેમાં સુનિદ ધવનીકર અને વિજય સરદેસાઈ બંનેએ મોડીરાત્રે શપથ ગ્રહણ કર્યા હતા. સુનિદ ધવનીકર મહારાષ્ટ્રવાદી ગોવાંતક પાર્ટીના નેતા છે જ્યારે વિજય સરદેસાઈ ગોવા ફોરર્વર્ડ પાર્ટીના નેતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી પદે વરણી પામેલ પ્રમોદ સાવંત હાલ ગોવા વિધાનસભા અધ્યક્ષ છે. સાવંત ઉત્તર ગોવાના સેંકવોલીંગ વિધાનસભા બેઠકના ધારાસભ્ય છે. તેઓ આર્યુવેદિક તબીબ છે. અને એવું મનાય છે કે, પ્રમોદ સાવંત મનોહર પરીકરના ખાસ મિત્ર હતા.

કોંગ્રેસનો દાવો છે કે, ગોવામાં ભાજપની સરકાર બહુમતિ ગુમાવી બેઠી છે. આમ છતાં બે નાના-નાના પક્ષોના સમર્થન દ્વારા સત્તા ટકાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહી છે. આવનારા દિવસોમાં વિધાનસભામાં તેની આકરી કસોટી થશે. કોંગ્રેસે આજે બીજી વખત પણ ગવર્નર સમક્ષ સરકાર રચવાનો દાવો કર્યો હતો. જો કે રાજ્યપાલશ્રીએ કોંગ્રેસને કોઈ સકારાત્મક પ્રતિભાવ આપ્યો ન હતો.

જોકે બીજી બાજુ કોંગ્રેસ મનોહર પારિકરના નિધન બાદ સરકાર બનાવવાનો દાવો કરી ચુકી



છે. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે રાજ્યપાલ મૃદુલા સિંહા સાથે મુલાકાત કરીને વિધાનસભ્યોના નામ સોંપ્યા હતા. શનિવારે મનોહર પારિકરની તબીયત વધારે ખરાબ હોવાને કારણે કોંગ્રેસે રાજ્યપાલ સામે સરકાર રચવાનો દાવો રજૂ કર્યો હતો. જોકે, કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે રાજ્યપાલે તેના પત્રનો કોઈ જવાબ ન આપ્યો અને તેમના મળવા માટેનો સમય પણ ન આપ્યો.

## ન્યુઝ ટ્રેક

**સમજૌતા એકસપ્રેસ બ્લાસ્ટની સુનાવણી ટળી**

બહુચર્ચિત સમજૌતા એકસપ્રેસ બ્લાસ્ટ કેસની સુનવણી વધુ એકવાર ટળી ગઈ છે. એનઆઈએની વિશેષ કોર્ટમાં પાકિસ્તાની મહિલાની ગવાહી પર ફેંસલો સંભળાવવાનો હતો પરંતુ આ મહિલાએ નવા સબૂતો અંગે અરજી કરતા હવે આગામી ૨૦મી માર્ચે સુનવણી થશે.

**નેધરલેન્ડમાં ટ્રામમાં ગોળીબાર**

નેધરલેન્ડના યુરૂચે શહેરમાં એક ટ્રામમાં અંધાધૂધ ગોળીબારીની ઘટના સામે આવી છે. આ ઘટનામાં અનેક લોકો ઘાયલ થયા છે. આ ઘટનામાં એક વ્યકિતનું મૃત્યુ નિપજયું છે જયારે અનેક લોકો ઘાયલ થયા છે.

**અભિનેતા શાહરૂખ ખાનની મુશ્કેલીઓ વધી**

બોલિવુડ એકટર શાહરૂખ ખાનની મુશ્કેલીઓમાં વધારો થયો છે. આવકવેરા વિભાગે શાહરૂખ પાસે બેનામી સંપત્તિ હોવા અંગેના કેસમાં તેને મળેલી રાહતના ચુકાદાને કોર્ટમાં પડકાર્યો છે.

**અનિલ અંબાણીએ ૪૬૨ કરોડ રૂ.ની ચુકવણી કરી**

અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશને સુપ્રિમ કોર્ટની ડેડલાઈન પૂર્ણ થયાના એક દિવસ પહેલા જ સ્વીડીશ કંપની એરિકસનને ૪૬૨ કરોડની ચુકવણી કરી છે. આરકોમ અગાઉ એરિકસનને ૧૧૮ કરોડ રૂ.ની ચુકવણી કરી ચુકયું છે.

**જેટ એરવેઝે અબુધાબીથી આવતી તમામ ફ્લાઇટ્સ રદ કરી**

જેટ એરવેઝે અબુ ધાબીથી આવતી તમામ ફલાઈટ્સ સોમવારથી અનિશ્ચિત સમય માટે બંધ કરી દીધી છે. એરલાઈને આ માટેનું કારણ ઓપરેશનલ ગણાવ્યું છે. એરલાઈનનું કહેવું છે કે આવનારા સામયમાં એરક્રાફટની અછતનો સામનો કરવો પડી શકે છે. આ કારણે ઓપરેશન અબુ ધાબીથી બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# પારીકરનો પાર્થિવદેહ પંચમહાભૂતમાં વિલિન

**સંપૂર્ણ સન્માનની વચ્ચે પારીકરનું પાર્થિવ શરીર પંચતત્વમાં વિલિન : વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અંતિમ વિદાય આપવા માટે પહોંચ્યા : પારીકરના શવ ઉપર પુષ્પાંજલિ અર્પણ કરાયા બાદ તોપની સલામી અપાઈ : મનોહર પારીકરના પુત્ર દ્વારા અપાયેલી મુખાગ્નિ : સ્મૃતિ ઇરાની રડી પડ્યા**





પણજી,તા. ૧૮

ગોવાના મુખ્યપ્રધાન અને ભૂતપૂર્વ કેન્દ્રિત પ્રધાન મનોહર પારિકરનું પાર્થિવ શરીર આજે પંચમહાભુતમાં વિલિન થયું હતું. ગોવાના મીરમાર્ગ બીચ ઉપર રાજકીય સન્માન સાથે પારીકરનું અંતિમ સંસ્કાર કરવામાં આવ્યું હતું. પારીકરના શવ ઉપર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવ્યા બાદ તોપની સલામી આપવામાં આવી હતી. મનોહર પારીકરના પુત્ર દ્વારા તેમને મુખાગ્નિ આપવામાં આવી હતી. મનોહર પારીકરને અંતિમ વિદાય આપવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગોવા રાજ્યપાલ મૃદુલા સિંહા, ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અમિત શાહ, સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામન અને અન્ય નેતાઓ પણ ગોવા પહોંચ્યા હતા. મનોહર પારીકરની અંતિમ યાત્રામાં પહોંચેલા કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની ભાવનાશીલ બની ગયા હતા. શ્રદ્ધાંજલિ સભામાં સ્મૃતિ ઈરાની રડી પડ્યા હતા. પોતાની સાદગી અને સરળતા માટે મનોહર પારીકર ખુબ જાણિતા હતા. ગોવાના તમામ લોકો પારીકરના દર્શન માટે આતુર દેખાયા હતા. અગાઉ તેમના અવસાન બાદ ગોવામાં સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી હતી. બીજા બાજુ પારિકરને શ્રદ્ધાંજલિ આપવા માટે મોટી

● અનુસંધાન પાન-૭ પર

## રાજ ઠાકરેની પાર્ટી મનસે લોકસભા ચૂંટણી નહીં લડે

મુંબઈ,તા.૧૮

રાજ ઠાકરેનો પક્ષ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) લોકસભાની ચૂંટણી નહીં લડે તેવી સત્તાવાર જાહેરાત પક્ષે કરી હતી. છેલ્લાં ઘણા સમયથી મનસે અંગે અટકળો ચાલી રહી છે. ઠાકરે એનસીપી ચીફ શરદ પવારની નજીક આવતા તેઓ એનસીપીમાં જોડાશે, તેવી અટકળોએ જોર પકડયું હતું. આ તમામ શક્યતાઓ પર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું હતું. રાજ ઠાકરે ૧૯મી માર્ચે જાહેરસભાને સંબોધવાના છે, તેમાં વધારે સ્પષ્ટતા કરવામાં આવશે. ઠાકરે બહાર રહી પવારને મદદ કરશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ પ્રચાર કરશે, તેમ પણ માનવામાં આવે છે. ગત લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં ઠાકરેનો પક્ષ કંઈ ખાસ દેખાવ કરી શક્યો ન હતો. મુંબઈ સહિતની મહાનગર પાલિકાઓની ચૂંટણીમાં પણ મનસેએ ખાસ જનાધાર મેળવ્યો ન હતો. ઠાકરેના એકમાત્ર વિધાનસભ્ય પણ તાજેતરમાં શિવસેનામાં જોડાયા હતા.

## નિરવ મોદી સામે ધરપકડ વોરંટ જારી

લંડન, તા. ૧૮

પંજાબ નેશનલ બેંકમાં ૧૩૦૦૦ કરોડ રૂપિયાથી વધારેની છેતરપિંડી કરવાના મુખ્ય આરોપી નિરવ મોદી ઉપર સકંજો વધુ મજબૂત બની રહ્યો છે. કૌભાંડને અંજામ આપીને બ્રિટન ફરાર થઈ ગયેલા અબજોપતિ જ્વેલરની સામે લંડનના વેસ્ટ મિનિસ્ટર કોર્ટ દ્વારા ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે. હવે તેની કોઈપણ સમયે ધરપકડ કરવામાં આવી શકે છે. સીબીઆઈએ ઈન્ટરપોલ અને બ્રિટનના સત્તાવાળાઓને સંપર્ક કરીને ફરાર આરોપીની સામે રેડ કોર્નર નોટિસ ઉપર કાર્યવાહી કરીને તરત ધરપકડ કરવાની માંગ કરી છે. તપાસ સંસ્થાઓ નિરવ મોદીના ભારત પ્રત્યાર્પણના પ્રયાસમાં છે. બિનસત્તાવાર સૂત્રો એવું માની રહ્યા છે કે, નિરવ મોદીની ધરપકડ બાદ તરત જ ભારત પ્રત્યાર્પણની કાર્યવાહી ઝડપથી કરાશે.

## મનોહર પર્રિકર જેવું અનોખુ વ્યક્તિત્વ નથી જોયું : સારવાર કરતા તબીબો

પણજી,તા.૧૮

ગોવાના મુખ્યમંત્રી અને દેશનાં પૂર્વ સંરક્ષણ મંત્રી મનોહર પર્રિકરનું રવિવારે મોડી સાંજે નિધન થઈ ગયું. ૬૩ વર્ષનાં મુખ્યમંત્રી મુખ્યમંત્રી છેલ્લા એક વર્ષથી કેન્સર સામે લડી રહ્યા હતા. આ



દરમિયાન તેમની સારવાર મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં પણ ચાલ્યું. પર્રિકરનું સારવાર કરનારા હોસ્પિટલની સર્જીકલ ઓક્રોલોજી ડિપાર્ટમેન્ટનાં ચેરમેન ડૉ. પી.જગન્નાથ ખુબ જ દુખી છે. જગન્નાથ તે દિવસને યાદ કરતા જણાવે છે કે તેઓ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૮નો દિવસ હતો. મને જાણવા મળી રહ્યું છે કે એક વીવીઆઈપીને ગોવાની લીલાવતી હોસ્પિટલ લાવવામાં આવ્યા છે. તેમને અગ્નાશય સંબંધિત કોઈ સમસ્યાની શંકા છે. વીવીઆઈપી હોવાનાં કારણે હોસ્પિટલે તૈયારી પુર્ણ કરી લીધી. હસતા હસતા એક વ્યક્તિ હોસ્પિટલમાં આવ્યો. તે મનોહર પર્રિકર હતા.

ડૉ. જગન્નાથ જણાવે છે કે, તેઓ દેખાવથી એકદમ ફ્રેશ લાગી રહ્યા હતા, કોઈ પણ ન કહી શકે કે તેઓ બિમાર છે. મોડી સાંજે જ્યારે તેમનો રિપોર્ટ આવ્યો તો હું થોડો દુખી હતો. તેમના અગ્નાશયમાં કેટલીક ઈજાઓ હતી. દુર્ભાગ્યથી અગ્નાશયનાં ચાઠાના શરૂઆતી લક્ષણ ખુબ જ ઓછા દેખાય છે. જગન્નાથે કહ્યું કે, મારા હૃદયમાં પર્રિકર માટે ખુબ જ સન્માન છે. એટલા માટે નહી કે તેઓ ગોવાના મુખ્યમંત્રી અને દેશનાં પુર્વ સંરક્ષણમંત્રી છે. પરંતુ એટલા માટે કારણ કે તેઓ ખુબ જ ઈમાનદાર, મહેનતુ અને લોકોનાં નેતા છે. તેમનાં જેવા સાચા નૈતિકતાવાળા નેતાઓ ખુબ જ ઓછા હોય છે.

તા.૧/૪, સોમવારથી શરૂ થતી વેકેશન બેચીઝમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader since 1996
અરિહંત તથા ઘ-૨ સર્કલ વચ્ચે, ઘ-રોડ, સે-૭/બી.
મો.૯૮૨૪૦ ૧૦૫૫૫ (૨૪x૭) ઓફિસ સમય : સવારે ૮ થી ૨, સાંજે ૪ થી ૮
For more details : www.nanavatisworld.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225